મુખ્યસેવિકા વર્ગ-૩નુ દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ
મંજુર કરવાની સત્તાઓ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને
સુપ્રત કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : WCDD/TAH/e-file/23/2023/0833/B1
સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા :

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૪.૦૮.૨૦૧૭નો ઠરાવ ક્ર: ICD/102016/444374/B
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૨.૦૧.૨૦૧૮નો સુધારા ઠરાવ ક્ર: ICD/102016/444374/B
3. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૦૮.૦૭.૨૦૧૬નો ઠરાવ ક્ર: ઉપધ/૧૦૨૦૧૬/૧૦૦૮/ડ
4. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીની તા.૧૪.૦૬.૨૦૨૩ની દરખાસ્ત.

પ્રસ્તાવના:-

આમુખ (૧) ના ઠરાવથી ત્રિસ્તરીય પંચાયતોના વર્ગ-૩ ના કર્મચારીઓનુ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સત્તાઓ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે.

આમુખ (૪) થી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, દ્વારા મુખ્યસેવિકાના દ્વિતિય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સત્તાઓ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરવા દરખાસ્ત મળેલ છે. જે મુજબ મુખ્યસેવિકા જિલ્લા પંચાયત હેઠળ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના નિયંત્રણ હેઠળ ફરજ બજાવે છે. મુખ્યસેવિકાની સેવાપોથી તેમજ સેવાકીય તમામ વિગતો જિલ્લા કક્ષાએ રહે છે. તેમજ મુખ્ય સેવિકાનું મહેકમ ૨૩૧૧ છે. જે ઉત્તરોત્તર વધે છે. જેથી ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની આનુષાંગિક કાર્યવાહી માટે મુખ્યસેવિકાની સેવાપોથી તેમજ સેવાકીય રેકર્ડ જિલ્લા કક્ષાએથી મંગાવવામાં ઘણો સમય નીકળી જાય છે. પરિણામે " કન્ટેન્ટ ઓફ ધ કોર્ટ" થવાની શકયતાઓ રહેલી છે.

મુખ્યસેવિકાએ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના મહેકમ હેઠળ આવે છે. તેઓ પંચાયત હેઠળ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના સીધા નિયંત્રણ હેઠળ ફરજ બજાવે છે. રાજયમાં મુખ્યસેવિકાઓનું કુલ ૨૩૧૧ નું મહેકમ છે. ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની પ્રક્રિયા ખૂબ જ ઝીણવટથી કરવાની અને લાંબો સમય માંગી લે તેવી નાણાકીય/વહીવટી બાબત છે. જિલ્લા કક્ષાએથી સેવાકીય વિગતો મંગાવવી, ચકાસણી કરવી તથા નિયત પ્રણાલિ મુજબ કાર્યવાહી હાથ ધરી ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવામાં અત્યંત વિલંબ થાય છે. જેથી મુખ્યસેવિકાનું ઉચ્ચત્તર પગાર ધોરણ સમયમર્યાદામાં મંજૂર કરી શકાતુ નથી. જેના કારણે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ અને દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણની અનેક હાઈકોર્ટ મેટર થયેલ છે. પરિણામે સરકારશ્રીના સમય, શક્તિ અને નાણાંનો દુર્વ્યય થાય છે. તેમજ કર્મચારીને સમયસર હક્ક નહિ મળવાથી અસંતોષ પેદા થાય છે. જેની વિપરીત અસર તેઓની કામગીરી પર તથા સરકારશ્રીની યોજના પર થાય છે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લેતા મુખ્યસેવિકાએ પંચાયતનુ મહેકમ હોઈ, તેઓની સેવાપોથી તથા સેવાકીય રેકર્ડ જિલ્લા કક્ષાએ સહેલાઈથી ઉપલબ્ધ થતુ હોઈ, વહીવટની સરળતા ખાતર મુખ્યસેવિકાના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સત્તાઓ જિલ્લા કક્ષાએ સુપ્રત કરવાની બાબત વિચારણા હેઠળ હતી જે અન્વયે નીચે મુજબ ઠરાવવામા આવે છે.

ઠરાવ:-

મુખ્યસેવિકા પંચાયતનુ મહેકમ હોઈ, તેઓની તમામ સેવાકીય વિગતો જિલ્લા કક્ષાએ રહેતી હોઈ, મુખ્યસેવિકાઓના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવામાં વધુ વિલંબ ન થાય અને વહીવટી પ્રક્રિયા વધુ સરળ તથા ઝડપી બની રહે તે હેતુસર કાળજીપૂર્વકની પુખ્ત વિચારણાને અંતે પંચાયત સેવાના વર્ગ -૩ ના કર્મચારી મુખ્યસેવિકાના દ્વિતિય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા અંગેની સત્તા જિલ્લા કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારીશ્રી / મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને સુપ્રત કરવાનું ઠરાવવામાં આવે છે.

મુખ્યસેવિકાના ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા બાબતે નીચે જણાવેલ માર્ગદર્શક સૂચનાઓ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

(૧) જે કિસ્સામાં મુખ્યસેવિકા પ્રતિનિયુક્તિથી અન્ય કચેરી/વિભાગમાં ફરજ બજાવતા હોય તેવા કિસ્સામા સંબન્ધિત મુખ્યસેવિકાનું મૂળ લીયન જ્યાં હોય એ જ કચેરી દ્વારા ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની કાર્યવાહી કરવાની રહેશે. જેથી એકરૂપતા અને સુસંગતતા જળવાય.

(૨) પ્રથમ તથા દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા અંગે જિલ્લા કક્ષાના ત્રણ સભ્યોની સમિતિની રચના કરવાની રહેશે. જેમાં નીચે જણાવેલ સભ્યોનો સમાવેશ કરવાનો રહેશે.

1. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી / જિલ્લા વિકાસ અધિકારીશ્રી
2. નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી / નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેકમ)
3. પ્રોગ્રામ અધિકારીશ્રી. (મ્યુનિસિપલ કોર્પોરેશન / જિલ્લા પંચાયત કચેરી)

(૩) દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણની તમામ દરખાસ્તો પરત્વે જિલ્લા પંચાયત અથવા મ્યુનિસિપલ કોર્પોરેશન કક્ષાએ કાર્યવાહી કરવાની રહેશે. સંબંધિત જિલ્લા પંચાયત અથવા મ્યુનિસિપલ કોર્પોરેશનની આઇ.સી.ડી.એસ. કચેરી દ્વારા મુખ્ય સેવિકાના ઉચ્ચત્તર પગાર ધોરણની પ્રક્રિયા હાથ

ધરવાની રહેશે. દરખાસ્તો તૈયાર કરી જિલ્લા પચાયત અથવા મ્યુનિસિપલ કોપોરેશન કક્ષાએ રચાયેલ સક્ષમ સમિતીની ભલામણ માટે મૂકવાની રહેશે. સમિતીની ભલામણના આધારે જિલ્લા વિકાસ અધિકારીશ્રી / મ્યુનિસીપલ કમિશ્નરશ્રી કક્ષાએથી ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાના આદેશ કરવાના રહેશે.

(૪) મુખ્યસેવિકાના ઉચ્ચત્તર પગાર ધોરણની દરખાસ્ત પંચાયતોના વર્ગ -3નાં કર્મચારી માટેના નિયત પત્રકમાં અને નિર્દેશ કરેલ પ્રણાલિ મુજબ કરવાની રહેશે. મુખ્યસેવિકાને જે તારીખે ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તે પહેલાના છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલ - કામગીરી મૂલ્યાંકન અહેવાલ, ખાતાકીય તપાસની વિગતો ધ્યાને લેવાની રહેશે.

(૫) આ ઠરાવ બહાર પડ્યેથી ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/ તમામ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ દ્વારા સરકારશ્રીના નાણા વિભાગના તા.૧૬.૦૮.૧૯૯૪, તા.૦૨.૦૭.૨૦૦૭ તથા તા.૧૯.૧૦.૨૦૨૨ના ઠરાવની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. વધુમાં નાણા વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪ના ઠરાવની અનુસૂચિ-૧ પ્રમાણે તા.૦૧/૦૧/૧૯૯૬ પહેલા પ્રથમ ઉપધો મેળવેલ હોય તેવા કિસ્સામાં ચોથા પગારપંચ પ્રમાણે રૂ.૨૦૦૦-૩૫૦૦, પાંચમા પગારપંચ પ્રમાણે રૂ.૬૫૦૦-૧૦૫૦૦/-, છઠ્ઠા પગારપંચ પ્રમાણે રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ-પે ૪૬૦૦ અને સાતમા પગારપંચ પ્રમાણે પે મેટ્રીક્સ રૂ.૪૪૯૦૦-૧૪૨૪૦૦/-(લેવલ-૮) પ્રમાણે અને તા.૦૧/૦૧/૧૯૯૬ પછી પ્રથમ ઉપધો મેળવેલ હોય તેવા કિસ્સામાં પાંચમા પગારપંચ પ્રમાણે રૂ.૫૫૦૦-૯૦૦૦/-, છઠ્ઠા પગારપંચ પ્રમાણે રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ-પે ૪૪૦૦ અને સાતમા પગારપંચ પ્રમાણે પે મેટ્રીક્સ રૂ.૩૯૯૦૦-૧૨૬૬૦૦/-(લેવલ-૭) ધ્યાને લેવુ. આ ઉપરાંત વખતો વખત સરકારશ્રી દ્વારા આપવામાં આવતી સુચનાઓને ધ્યાને લઇ આ ઠરાવનો તાત્કાલિક અમલ કરવાનો રહેશે.

(૬) આ ઠરાવનો અમલ કરતી વખતે નાણા વિભાગના તા.૧૬.૦૮.૧૯૯૪, તા.૦૨.૦૭.૨૦૦૭ તથા તા.૧૯.૧૦.૨૦૨૨ અને પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૦૮.૦૭.૨૦૧૬ના ઠરાવની શરતો અચુકપણે ધ્યાને લેવાની રહેશે.

(૭) સબંધિત અધિકારી / કર્મચારીનું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર થયા બાદ તેની પગાર ચકાસણી, પગાર ચકાસણી એકમ ગાંધીનગર ખાતે થયા બાદ જ ઉચ્ચતર પગાર ધોરણના વાસ્તવિક લાભોની ચુકવણી કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના પરામર્શમાં નાણા વિભાગ મારફત સરકારશ્રીની તા.૧૩.૦૫.૨૦૨૪ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે.એસ.યાજ્ઞિક (I.A.S.)

નાયબ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી / મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ (કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી મારફત)
3. તમામ પ્રોગ્રામ અધિકારીશ્રી (કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી મારફત)
4. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
5. સંયુક્ત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
7. તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી (કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી મારફત)
8. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારુ.
9. સિલેક્ટ ફાઇલ